Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

મોક્ષમાર્ગ પ્રકાશક શ્રી જિનેશ્વર પરમાત્માની
આજ્ઞાની આંખે ચાલવાથી જીવ શિવપુરીમા
હેમખેમ પહોંચી શકે છે.


| | | |
|---|---|---|
| પુસ્તક : ૮૯<br>અંક : ૮ | જેઠ<br>જૂન<br>૧૯૯૨ | આત્મ સંવત ૯૬<br>વીર સંવત ૨૫૧૮<br>વીક્રમ સંવત ૨૦૪૮ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | ત્રણ શિખામણ | શ્રી શીલચંદ્રવિજય ગણિ | ૮૧ |
| ૨ | ભગવાન મહાવીરનો ધર્મ ક્રાંતિનો ધર્મ છે | શ્રી ચીમનલાલ કલાધર | ૮૯ |


શ્રી હીરાલાલ ભાણુજીભાઇ શાહે, તેઓશ્રીની તદન નાતંદુરસ્ત તબીયત હોવાને કારણે, આ સભાના પ્રમુખપદેથી તેમજ વ્યવસ્થાપક સમિતિના સભ્ય પદેથી આપેલ રાજીનામું, તા. ૧-૩-૯૨ની વ્યવસ્થાપક સમિતિની મીટીંગમા સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ છે. ત્યારબાદ તા. ૧૭-૫-૯૨ની વ્યવસ્થાપક સમિતિની મીટીંગમાં શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહની આ સભાના પ્રમુખશ્રી પદે સર્વાનુમતે નિમણુંક કરવામાં આવેલ છે તેમજ શ્રી મોહનલાલ જગજીવનદાસ સલોતની ઉપપ્રમુખ પદે નિમણુંક કરવામાં આવેલ છે. શ્રી ભોગીલાલ ભાણુજીભાઈ શાહની મંત્રી પદે નિમણુંક કરવામાં આવેલ છે. તેથી હાલમાં આ સભાના નીચે પ્રમાણે હોદ્દેદારો છે.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ | પ્રમુખશ્રી |
| ૨. | શ્રી મોહનલાલ જગજીવનદાસ સલોત | ઉપપ્રમુખશ્રી |
| ૩. | શ્રી કાન્તીલાલ રતીલાલ સલોત | મંત્રીશ્રી |
| ૪. | શ્રી ભોગીલાલ ભાણુજીભાઈ શાહ | મંત્રીશ્રી |
| ૫. | શ્રી ચીમનલાલ વર્ધમાન શાહ | ખજાનચીશ્રી |

## શોકાંજલિ

શ્રી ધનજીભાઇ દામોદરદાસ પારેખ ઉ. વર્ષ ૮૩ (વિનસ ઓટોમોબાઇલ્સવાળા) તારીખ ૧૬-૫-૯૨ ને શનિવારના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્યશ્રી હતા. તેઓશ્રી ધાર્મીક વૃતિવાળા અને મિલનસાર સ્વભાવના હતા. તેમના કુટુંબીજનો પર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ તેઓશ્રીના આત્માને પરમ શાન્તિ મળે એવી પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રીશ્રી : પ્રમોદકાંત ખીમચંદ શાહ એમ. એ., બી. કોમ, એલ. એલ બી.

## • ત્રણ શિખામણ

* લે. પં. શીલચન્દ્રવિજયજી ગણી.

સમથ રાજયમાં દુકાળ છવાયો છે ચોમાસું આખું વહી ગયું. પણ ધરતી કોરીકટ જ રહી છે. છાટોયે વરસાદ નથી પડયો. વરસાદની આશાએ ભૂમિપુત્રોએ ધરતી પર વેરેલું બિયારણ પણ હવે તો ધોમધખતા તડકામાં શેકાઈ ગયું છે. એની સામે રાજાએ અને પ્રજાએ સંઘરેલા અન્નભંડારોનાં પણ હવે તળિયાં દેખાવા લાગ્યા છે.

પૈસાપાત્ર શ્રીમંતોને, મોંમાંગ્યાં દામ ચૂકવતા પણ મુઠ્ઠી ધાન્ય ન મળે એવી મુશ્કેલ સ્થિતિ સર્જાઇ છે એવે વખતે ભિક્ષાજીવી અને ગરીબ માણસોના તો ગજ જ કયાં વાગે ? અને માણસને પણ મૂઠી અનાજ માટે વલખાં મારવા પડે છે. ત્યારે મૂંગા પ્રાણીઓની તો ગણતરી જ શેની હોય !

'પેટ કરાવે વેઠ' એ ન્યાયે, સુખી ગણાતો માણસ પણ ન કરવાનાં કામ કરવા માટે તત્પર બન્યો છે. તેવે ટાણે ગોરપદું કરીને સ્વમાનભેર આજીવિકા ચલાવતો. પણ અત્યારે ભૂખનાં દુઃખે ઘાંઘો બનેલો બ્રાહ્મણ સોમવસુ પણ પોતાના અને પોતાનાં બાલબચ્ચાંઓનાં પેટ કેવી રીતે ભરવા તેની વેતરણમાં પડયો છે.

અલબત્ત એ પોતે તો ભૂખે મરવા તૈયાર હતો. પણ પોતાનાં સ્ત્રી બાળકોનું દુઃખ આઠ-આઠ ટંકની ભેગી થયેલી ભૂખનું દુઃખ એનાથી નહોતું ખમાતું. એટલે અનાજ મેળવવાના સેંકડો પ્રયત્નો અને ઉપાયો નિષ્ફળ ગયા ત્યારે છેવટે એણે નાઇલાજે એક પ્રયત્ન કર્યો- એક શૂદ્રજનની પાસે ભિક્ષાની યાચનાનો અને દેવયોગ જ ગણો કે એમા એને અણધારી સફળતા મળી ગઇ. બધાની ભૂખ ભાંગે એટલી ભિક્ષા, એને આ શૂદ્રજન પાસેથી પ્રાપ્ત થઈ ગઇ રે ! ઉદાર હોવાનો ઇજારો એકલાં ઉચ્ચવર્ણનો જ ઓછો છે ? શૂદ્રકુળમાં જન્મ અને ઉદારતા અને દયાનો અભાવ એવું સમીકરણ તો કોઈ કોરાં-ગણતર વગરનાં ભણતરવાળો જ કરી શકે,

હા, તો સોમવસુ બ્રાહ્મણે શૂદ્રાન્ન મેળવીને સૌની ભૂખ ભાંગી તો ખરી, અને દુકાળ પૂરો થયો ત્યાં સુધી એ, એ રીતે સૌની ભૂખ ભાંગતો જ રહ્યો; કેમકે હવે એની પાસે જીવવાનો એ એક જ રસ્તો હતો. પણ પછી એનું બ્રાહ્મણત્વ બેચેન બની ગયું. એનું લોહી જાણે કહેતું હતું. અરે બ્રાહ્મણ ! મૂઠીભર પેટને ખાતર તેં વ્રતભંગ કર્યો ? બાળ-બચ્ચાની દયા આવતી હતી, તો એમને ભલે તેં ખવડાવ્યું. એમને ખાતર ભલે તે ભિક્ષાયાચના કરી એ તો આપદ્ધર્મ હતો,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ ભૂંડા ! તે તો પોતાનું પેટ પણ ભર્યે રાખ્યું ! અને એમ કરીને તારા નિયમને, તારા અયાચકવ્રતને તું કેવું લાંછન લગાડી બેઠો !

'ભૂખ ના જુએ સૂકોભાત' અને 'જીવતા નર ભદ્રા પામે' એ લોકોક્તિઓના મર્મ બરાબર સમજનાર સોમવસુના આ વિચારમાં શુદ્ર કે તેનાં અન્ન પ્રતિ તિરસ્કાર ન હતો, પરંતુ બધે બનતું હોય છે એમ વિપત્તિવેળાએ કરવી પડેલી ભૂલનો આ પશ્ચાત્તાપ હતો. એને પોતાના કુળ પરંપરાગત અડગ અયાચકવ્રતના, માત્ર શરીરને ખાતર, પોતે કરેલા ભંગનો હવે અફસોસ થતો હતો. જોકે એના દિલમાં તો, જે દિવસે એણે સૌ પ્રથમવાર આ અયાચકવ્રત તોડયું તે દિવસથી જ ખટકો પેદા થયો હતો કે આ કરીને હું મારી જાતનો જ નહિ પણ પૂર્વજોનો પણ ગુનેગાર બન્યો છું. પણ હવે એને થવા માંડયું કે મારે આ અંગે પ્રાયશ્ચિત્ત લેવું જ જોઇએ. તો જ મારી શુદ્ધિ થાય. પૂર્વજો પાળેલા ચીલાનો ભંગ એને મન અક્ષમ્ય અપરાધ હતો.

કોણ જાણે કેમ, પણ પ્રાયશ્ચિત્તની આ વિચારણા સાથે જ એના હૃદયના ઊંડે ખૂણે એવો ભાવ પણ જાગ્યો કે આ દુસંસાર કેવો દારુણ છે કે જ્યાં રહીને આવાં દુકાળ અને દુઃખો વેઠવાં પડે છે, પણ એની સાથે સાથે આવા ન કરવાનાં કામ પણ કરવાં પડે છે ? અને ગમે તેટલાં દુઃખો કે ભૂખ તરસ વેઠીએ, તોય એ કાંઇ ધર્મકરણી ગણાય જ નહિ. બલ્કે એ તો દોષાચરણ અને કર્મબંધનનું જ કારણ બનવાના ! એ કરતાં, આ બધું છોડીને, સન્યાસ લઇ લેવો શું ખોટો ?

પણ એની મુખ્ય ચિંતા તો પ્રાયશ્ચિત્તની જ હતી. અને હવે સુકાળ પાછો આવતાં, પરિસ્થિતિ પણ સામાન્ય બની ગઇ હતી, એટલે હવે ઘરકુટુંબની કે આજીવિકાની ચિંતા જેવું પણ ન હતું. એટલે એ, પ્રાયશ્ચિત્તને નામે સૌની રજા લઇને પાટલીપુત્ર તરફ જવા નીકળી ગયો.

ઘણો માર્ગ કાપ્યા પછી એક ગામને પાદરે પહોંચ્યો, તો તેણે એક વિચિત્ર દૃશ્ય જોયું : કોઈક બ્રાહ્મણનું મૃત્યુ થતાં નદી કાંઠે તેની ચિતા ગોઠવાઈ હતી. અને તેજ ચિતામાં તેની પત્ની જીવતી સતી થઇ રહી હતી. આસપાસ ભેગું મળેલુ લોકટોળુ 'સતીમાતાનો જય' પોકારતું હતું

સોમવસુ ઘડીભર સ્તબ્ધ અને ક્ષુબ્ધ થઇ ગયો. એની આંખમાં આ દૃશ્ય શૂળની જેમ ભોંકાયું. એને થયું : રે ! આ કેવું અજ્ઞાન મૃત્યુ છે ! આવું મૃત્યુ પણ માણસનું અમંગળ કરનારું બને !

આ વિચારમાં જ એ ગામમાં પેઠો, પોતે આ ગામનો સાવ અજાણ્યો હતો. અને ભૂખ અને થાક તો શરીરમાં ખાસા ભરાયા હતા ! એટલે એણે તો એક નાનકડી પણ મજાની ફુલવાડી અને તેની વચ્ચોવચ્ચ એક મઢુલી જોઇને બીજો કશો વિચાર કર્યા વગર એમાં પ્રવેશ કરી દીધો.

મઢુલી કોઈ બ્રહ્મચારી સાધુની હતી. અને 'એ પણ' તે વખતે ભોજન કરવાની તૈયારીમાં જ હતો. એણે આને જોતાંજ 'અતિથિ દેવો ભવ'નું સ્વસ્તિ વચન ઉચ્ચારીને એની ઉચિત આગતા સ્વાગતા કરી. એ પોતે પણ બ્રાહ્મણ હતો. પેટ પુરતુ મળી રહે, પછી બીજા ટંકની ફિકર ન કરવાનો એનો સ્વભાવ હતો. એટલે એ સોમવસુને ઘડીક વીસામો લેવાનું કહીને ગયો ગામમાં. અને થોડીવારમાં સોમવસુની ક્ષુધાતૃપ્તિ થાય એટલી ભોજન સામગ્રી લેતો આવ્યો. બન્નેએ સાથે બેસીને ભોજન કરાવ્યું ને પછી વામકુક્ષિ પણ કરી લીધી.

પોતે અહીં આવ્યો, વિસામો લીધો, જમ્યો, એ પછી આરામ કર્યો, પણ એ બધો વખત સોમવસુનાં મનમાં આ જુવાન સાધુના વેષ અને એની રીતભાત વિષે કુતૂહલ સળવળતું જ રહ્યું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હતું. એટલે હવે હાથ મોં ધોઇને બન્ને વાતે વળગ્યા ત્યારે- લાગ જોઇને સોમવસુએ સાધુને પૂછી લીધું : 'મહારાજ ! તમારો વેષ, તમારી ચર્યા અને રહેણીકરણી જોઇને મને ક્યારનીય નવાઇ લાગે છે. કૃપયા તમારા આ આચાર-વિચારનું હાર્દ શું, એ મને સમજાવશો ? સામાન્યત: બીજા સાધુઓ-તાપસો-તો જંગલમાં જ વસતિથી દૂર રહેતાં હોય છે અને તમે તો અહીં વસતિની મધ્યમાં જ રહેવાનું રાખ્યું છે, ભોજનમાં પણ તમે તો વનફળ કે કંદમૂળ આદિને બદલે બધું જ લો છો ! વેષમાં પણ ઝાડની છાલ કે જીર્ણ, મલિન વસ્ત્રો કે ભગવા વસ્ત્રો નથી પહેર્યા ! એટલે સમજાય છે કે તમારો ધર્મ અને પંથ ન્યારો જ છે. તો એનું રહસ્ય તત્ત્વ મને સમજાવશો ?

આના જવાબમાં પેલા સાધુએ પણ પોતાની હકીકત સમજાવતા કહ્યું. "વિપ્રવર ! અમારા ગુરુદેવ મહાન વિદ્વાન અને પવિત્ર પુરૂષ હતા. એમના અમે બે શિષ્યો હતા. અમારા ગુરુ કોણ હતા, ક્યાંના હતા, એ બધી બાબતથી અમે સાવ અજ્ઞાન જ હતા. અને 'નદીનું મૂળ ને સત્પુરુષોનું કુળ' જાણવાની જરૂરેય શી હોય ભલા ? અમને તો એટલી ખબર હતી કે તેઓ એક કુલીન બ્રાહ્મણ હતા. અને અમારા પુણ્યના ઉદયેજ એમણે અમને બન્નેને શિષ્ય તરીકે સ્વીકારીને થોડા જ સમયમાં અનેક વિદ્યાઓ અને શાસ્ત્રોનું જ્ઞાન અમને આપ્યું, પણ પછી તરતજ તેઓ અમને છોડીને ક્યાંય ચાલ્યા ગયા. જતા જતા એમને અમને ત્રણ વાતો કહેલી : "સુખે સુજો, મીઠું ખાજો અને લોકપ્રિય બનજો."

હવે ગુરુદેવે આ ત્રણ વાતો- શિખામણ તો આપી, પણ એનો પરમાર્થ એમણે ના સમજાવ્યો ને એ ચાલ્યા ગયા. હવે કરવું શું ? હું તો વિચારમાં પડી ગયો. ઘણી ગડમથલને અંતે મે તો એ ત્રણ વાતોનો મને બેઠો એવો અર્થ તારવ્યો. અને એ પ્રમાણેજ વર્તવાનું અહીં રહીને, મેં શરૂ કર્યું. જુઓ અમને ગુરુજીએ કહેલું કે 'લોકપ્રિય બનજો !' એટલે હું તો એમણે ભણાવેલા મંત્રો અને ઔષધોનો ઉપયોગ કરીને લોકો ઉપર યથાશક્ય ઉપકાર કરતો રહું છું. અને તેથી અહીંના લોકોમાં હું ખૂબ પ્રિય થઇ પડયો છું અને એજ કારણે મને લોકો કાયમ સારું સારું ભોજન ભિક્ષામાં આપે છે. એટલે હું (મીઠું જમજો) એ ગુરુ આજ્ઞા પણ પાળું છું અને લોકોએ જ કરી આપેલી સગવડ અનુસાર આ મઢુલીમાં સરસ મજાની પથારી રાખી છે. તે પર હું સુખે ઊંઘું છું. એટલે (સુખે સૂજો) એવી ગુરુજીની આજ્ઞા પળાય છે. હું તો ભાઇ ! આ રીતે મારા ગુરુજી-ની ત્રણ શિખામણો સમજ્યો છું અને પાળું છું, અને આજ મારા ધર્મનું અને આચાર-વિચારનું પણ હાર્દ છે બાકી, ખરૂં રહસ્ય તો મારા ગુરુજી જાણે !"

સોમવસુ બુદ્ધિમાન હતો. વિચારક હતો. બ્રાહ્મણ સાધુની વાત સાંભળીને એણે તટસ્થ બુદ્ધિએ વિચાર્યું : ગુરુનો ઉપદેશ તો સરસ છે પણ એનો અર્થ આપણે કર્યો છે, તેવો ના હોય શકે. કાંઇક જુદો જ હોવો જોઇએ. આમના ગુરુભાઇની તપાસ કરીને એને મળવું જોઇએ. કદાચ એ આનો પરમાર્થ જાણતો હોય !

એણે પૂછયું : "તપસ્વિન્ ! પણ તમારા ગુરુભાઇ ક્યાં છે ! તમે અહીં એકાકી કેમ ?"

જેમ હું અહીંયા, તેમ મારો ગુરુભાઇ પણ અહીંથી આગળ જતાં એક મોટું ગામ આવે છે, ત્યાં રહે છે." તપસ્વીએ કહ્યું.

સોમવસુને આગળ તો જવું જ હતું, એમાં આ જિજ્ઞાસાની પ્રેરણા મળી. એટલે એ તો એ રાત ત્યાં પસાર કરીને, બીજા દિવસની વહેલી સવારે નીકળી પડયો, ને લાંબો પંથ કાપીને, આગલાં દિવસની જેમજ બરાબર ભોજન વેળાએ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પેલા ગામે, ગામને ઝાંપેજ આવેલી પેલાં સાધુના ગુરુભાઇની કુટિરે પહોંચી ગયો, આ સાધુ પણ, ભિક્ષા માટે નીકળવાની તૈયારીમાં જ હતો. સોમવસુને અતિથિને આવેલા જોઇને એણે પણ પોતાના ગુરુભાઈની જેમજ એનું સ્વાગત કર્યું. પણ પેલા સાધુમાં ને આમાં ફેર એ હતો કે પેલો પોતાની માટે અને આંગતુક અતિથિ માટે પણ તૈયાર ભિક્ષા માંગી લાવતો અને પોતાની મઢુલીમાં જ ભોજન કરતો અને કરાવતો. જ્યારે આ સાધુએ સોમવસુને પોતાની સાથે લીધો. ને કહ્યુ કે હું ભિક્ષા માટે જાઉં છું, તમેય ચાલો મારી સાથે,

બન્ને ઉપડયા, તો રસ્તામાં જ કોઈક ભાવિક ભેટી ગયો, એ બન્નેને આગ્રહ કરી પોતાને ત્યાં લઈ ગયો અને પાદપ્રક્ષાલન પૂર્વક બન્નેને ભરપેટ જમાડયાં.

જમ્યાં પછી બન્ને કુટિરે પહોંચ્યા એટલે સોમવસુએ આરામ ન કરતાં આને પણ પહેલાં સાધુની માફક, તેના ધર્મના હાર્દ વિષે પૃચ્છા કરી. એક તો એના મનમાં જિજ્ઞાસા હતી કે આ શિષ્ય પોતાના ગુરુની શિખામણનો કયાં અર્થમાં લે છે ? અને એમાં વળી, પેલા કરતા, આની રહેણી કરણી પણ જુદીજ જોઈ, એટલે એની જિજ્ઞાસા બળવત્તર બની હતી.

આ શિષ્ય પણ સરળ હતો એણે પહેલા શિષ્યે કહેલો તે ગુરુના સમાગમનો, અધ્યયનનો અને ત્રણ શિખામણોનો વૃતાંત કહીને ઉમેર્યું : "હું તો આ ત્રણ શિખામણનો અમલ આ રીતે કરૂં છું. મેં આંતરે દિવસે ખાવાનું રાખ્યુ છે. કેમ કે કકડીને ભૂખ લાગે ત્યારે જે ખાઇએ તે મીઠું જ લાગે અને બે દિવસે એક ટંક ખાવા સિવાયનો સઘળો સમય હું ધ્યાન જ્ઞાનાભ્યાસમાં જ પરોવાયેલો રહું છું. એટલે એ પરિશ્રમને લીધે રાતના એવી તો મીઠી ઊંઘ આવે છે કે પછી પથારી ન હોય કે ખરબચડી હોય તોય મારે માટે એ સુખશય્યા બની રહે છે. અને મારી આવી રહેણીકરણીમાંથી નરી નિઃસ્પૃહતા જ નીતરતી હોઇ, મને લોકચાહના પણ ઘણી મળે છે."

સોમવસુને લાગ્યું કે પેલા કરતા આની સમજણ અને અર્થ વિચારણા અલબત્ત સારી તો ખરીજ. પણ આ શિખામણોનું ખરૂં રહસ્ય હજી કાંઈક જુદું જ છે એમ લાગે છે. એનો ગંભીર પરમાર્થ તો આ બેમાંથી એકેય સમજ્યા નથી લાગતા. પણ તો એ પરમાર્થ જાણવો શી રીતે ? એ સમજાવે કોણ ?

સોમવસુને તો લય લાગી કે કયારે કોઇક જાણકાર મળે ને કયારે આ શિખામણોનું રહસ્ય જાણું ! એ લયમાં ને લયમાં જ એ ત્યાંથી રવાના થયો. અને મજલ દર મજલ કાપતો પહોંચ્યો પાટલીપુત્ર. નગર બહાર ચાલતા સદાવ્રતમાં. ભોજન વગેરે નિત્યકર્મ પતાવી, મુસાફરીનો થાક ઉતારવા સ્નાન અને વામકુક્ષિ કરીને એણે તપાસ કરી કે આ નગરમાં સુખ્યાત પંડિત કોણ છે ? એને પેલાં નિયમભંગનું પ્રાયશ્ચિત્ત લેવું હતુ, અને એ કોઇ સારા શાસ્ત્રજ્ઞ પંડિત પાસેથીજ લેવું હતું, એટલે એણે આવી તપાસ કરેલી. એક નહિ પણ, અનેક અને એણે જેને જેને પૂછયું. લગભગ તે બધીજ વ્યક્તિઓએ એને કહ્યું કે ભાઈ, અહીં તો ત્રિલોચન પંડિત જ મહાપંડિત છે. તમારે શાસ્ત્રોનાં રહસ્ય જાણવા હોય કે શંકાના સમાધાન જોઇતાં હોય, અનાચરણનાં પ્રાયશ્ચિત્ત લેવાં હોય કે ધર્મનો અને દર્શનશાસ્ત્રોનો મર્મ સમજવો હોય, એ બધું જ અમારા આ મહાપંડિત કરી આપશે. એમની હોડનો બીજો કોઇ પંડિત અમે તો જોયો જાણ્યો નથી.

પછી સોમવસુને પણ કયાં કોઇની રાહ જોવાની હતી ? એ તો બપોર વેળાએ નીકળી પડયો નગરમાં ફરવા અને પૂછતો પૂછતો પંડિત ત્રિલોચનનાં ઘર આંગણે આવી પહોંચ્યો. કહો કે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એની સમજણ અને વિચાર-સભર જિજ્ઞાસા જ એને ત્યાં ખેંચી ગઈ.

મધ્યાન્હની વેળા હતી. એટલે દરવાને એને અંદર પ્રવેશવા ન દીધો. કહ્યું કે ભાઈ, અત્યારે પંડિતજી આરામમાં હશે. માટે થોડીવાર પછી તમે આવો.

પણ સોમવસુનેય બીજું શું કામ હતું? કામમાં કામ એને એકજ હતું, અને તે પોતે દુકાળ સમયે આચરેલા વ્રતભંગનું પ્રાયશ્ચિત્ત લેવાનું. અને રસ્તામાં વળી એમાં નવું કામ ઉમેરાયું હતું. ત્રણ શિખામણોનો પરમાર્થ જાણવાનું. એમાં પહેલું કામ તો આ પંડિતજી કરી દેશે એવી એને ખાત્રી થઇ ચૂકી હતી. પણ બીજું કામ પણ અહીં જ ઉકલી જશે એવી એને પંડિતજીની પ્રશસ્તિ સાંભળ્યા પછી, આશા જરૂર બંધાઇ હતી. એટલે એતો અંદર પ્રવેશની રજા મળે તેની રાહ જોતા ત્યાંજ બેઠો. પણ ત્યાં બેઠાં બેઠાં પણ એને તો નવા કૌતુક જોવા મળ્યાં.

સૌ પ્રથમ એક બટુક ત્યાં આવ્યો. એના હાથમાં ફુલોની છાબડી અને દાતણ હતા. એને જોઇને આજુબાજુ ઊભેલી વ્યક્તિઓએ એની પાસે ફૂલની અને દાતણની માંગણી કરી, પણ એ બધાને આપવાનો ઇન્કાર કરીને એતો સીધો અંદર જતો રહ્યો. થોડાવારે એ બહાર પાછો ફર્યો, અને પછી જેણે જેણે માંગેલા, તે દરેકને પ્રેમથી ફૂલ અને દાતણ આપીને એણે ચાલતી પકડી.

આ જોઇને સોમવસુને કૌતુક થયું. એણે દરવાનને પૂછયુ : "ભાઈ આણે આ શું કર્યું? પહેલા તો બધાને આપવાની ના પાડી ને પછી પાછું આપવા માંડયું. એનો શો અર્થ? આનો "માંથું વાઢીને પાઘડી બાંધવા જેવું ન થયુ?"

દરવાને એને સમજાવ્યું : "ભૂદેવ! આમાં એણે ખોટું કશું નથી કર્યું, ઉલટું, વાજબી જ કર્યું છે. કેમ કે કોઇ પણ વસ્તુ પહેલા સ્વામી અથવા પૂજ્ય વડીલ પાસે ધરાય, માલિકને અપાય, અને પછીજ બીજાને અપાય એમાં જ માલિકનો વિનય સચવાય અને વસ્તુનું તેમજ આપનારનું પણ ગૌરવ જળવાય."

આ વાત પૂરી થઈ ન થઈ ત્યાં તો સોમવસુની નજરે બીજું આશ્ચર્ય પડયું : પંડિતજીના મહાલયની ઓસરીમાં બે પુરૂષો ઊભા હતા. બન્ને મુખ શુદ્ધિ માટે પાણી માંગતા હતા. એક તરુણ યુવતીએ આવીને એ બન્નેને પાણી આપવા માંડયું. પણ એમાં એક પુરુષને એણે હાથની અંજલિવતી પાણી આપ્યું અને બીજાને ડોયાંવતી આપ્યું.

સોમવસુની જિજ્ઞાસા વળી ઉત્કંઠિત બની ગઈ એણે પૂછયું : "ભાઇ દરવાન! આ તરુણીએ આમ કેમ કર્યું? એકને અંજલિથી પાણી આપ્યું અને બીજાને ડોયાંથી એનો શો હેતુ?"

ખુલાસો કરતાં દરવાને કહ્યું : "વિપ્રવર! પહેલો પુરુષ એ સ્ત્રીનો પતિ હતો, અને બીજો પર પુરુષ એટલે એણે આવો ભેદ કર્યો છે."

સોમવસુ તો દિગ થઇ ગયો. એને થયું : "જેનો અનુચર વર્ગ પણ આટલો સમજુ, બુદ્ધિમાન અને નીતિમાન છે તે પંડિત પોતે કેવાં હશે? મને તો લાગે છે કે મારૂં બધું કામ અહીં જ થઈ જવાનું, હવે મારે અન્યત્ર ફાંફાં મારવા નહિ પડે.

ત્યાં તો એના વિચારને જાણે વધાવતા હોય એમ વાજાં વાગવા માંડયાં જોયું તો મનોહર રાજપાલખીમાં બેસીને અનેક બ્રહ્મચારીઓથી અને રાજસેવકોથી વીંટળાએલી એક યુવતી વાજતે ગાજતે પંડિતજીના ઘર તરફ આવી રહી હતી. એની જિજ્ઞાસાએ એને ચૂપ રહેવા ન દીધો. અને દરવાનની ભલમનસાઇ તેમજ દરેક બાબતની એની જાણકારીએ, એને, એનો મિત્ર બનાવી દીધો હતો એટલે એણે દરવાનને પૂછયું : "મિત્ર!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ કોણ છે ? આટલો બધો ઠાઠ એણે શાનો કર્યો છે ? ''

દરવાને કહ્યું : " આ અમારા પંડિતજીની દીકરી છે, એ રાજદરબારે ગઇ હતી ત્યાં વિદ્વત્વ-સભામાં કોઈ વિદ્વાને ન કરેલી શ્લોકની પાદપૂર્તિ એણે કરી આપતાં, રાજાએ એનું આ સન્માન કર્યું છે, એ સન્માન સાથે એ ઘેર પાછી આવી રહી છે.''

આ વાત પૂરી થાય એટલામાં તો પંડિત પુત્રીએ ઘરમાં ઉલ્લાસ પૂર્વક પ્રવેશ કર્યો અને એના પરિવારે એનું ઉલટભેર સ્વાગત કર્યું'

"વાહ પંડિતજીનો પરિવાર પણ કેટલો બધો વિદ્વાન છે ?" સોમવસુથી સહસા બોલાઇ ગયું. હવે એને પંડિતજીના દર્શન કરવાની એવી ઉત્કંઠા જાગી કે બધાને અંદર જતા જોઇને દરવાનને પૂછયાં વગર જ એ અંદર પેસી ગયો.

પણ અંદર તો જાણે નાનકડી સભા જ રચાઇ ગઈ હતી ! સભાના અધ્યક્ષ સમા ત્રિલોચન પંડિત, વચમાં મંડાયેલા ઉચ્ચ કાષ્ઠાસન પર બેઠા હતા. એમનો વૃદ્ધ ચહેરો જ્ઞાન અને તપના તેજથી એવો તો ઝળહળી રહ્યો હતો કે પ્રથમવાર જોનારને પણ સહજ પ્રતીતિ થઇ જાય કે 'આજ પંડિત ત્રિલોચનજી હશે.'

સોમવસુ તો દરવાજે ઊભો ઊભો પંડિતજીને અને તેમની સભાને ઘડીભર જોતો જ રહ્યો, પણ ત્યાંજ પંડિતજીની નજર એના ઉપર પડી. તરત જ એમણે એને નવાગંતુક તરીકે ખૂબ આદરમાન સહિત અંદર બોલાવીને આસન ઉપર બેસાડયો.

પંડિતજી એટલાં ખ્યાતનામ હતા, અને લોકોને એમનાં જ્ઞાન અને વિશુદ્ધિ માટે એટલું માન હતું. માત્ર આ નગરમાં જ નહિ, પણ દૂર પ્રદેશોમાંથી પણ લોકો પાપશુદ્ધિ માટે એમની પાસે આવતાં, પોતાના ગંભીર પાપોનો પણ એમની સમક્ષ ખુલ્લો એકરાર કરતાં, અને તેઓ જે કહે તે પ્રાયશ્ચિત્ત શ્રદ્ધાપૂર્વક સ્વીકારતા. અત્યારે પણ એજ કામ ચાલી રહ્યું હતું. એક પછી એક વ્યક્તિઓ આવતી હતી અને પોતાના પાપદોષ રજુ કરીને પંડિતજી જે ફરમાવે તે પ્રાયશ્ચિત્ત માથે ચઢાવીને વિદાય થતી હતી. પંડિતજી પણ, વ્યક્તિ અને તેનાં દોષનો સમતોલ વિચાર કરીને, ઉચિત લાગે તે પ્રાયશ્ચિત્ત શાસ્ત્રાધારે આપ્યે જતા હતા. સોમવસુ હજી આવીને બેઠો. ત્યાં જ એક બટુક આવ્યો. એણે પંડિતજીને વીનવ્યા : 'પંડિતજી ! આજે મેં સ્વપ્નામાં ગુરુપત્નીની સાથે અનુચિત કર્મ કરતો મને જોયો. મને લાગે છે કે એથી હું જરૂર દૂષિત બન્યો છું કૃપયા મને પ્રાયશ્ચિત્ત આપીને શુદ્ધ કરો.''

પંડિતજી સમજતા હતા કે આ બટુકે ઇરાદાપૂર્વક કોઇ દોષ નથી આચર્યો. અને સ્વપ્ન કાંઈ સ્વાધીન બાબત નથી, છતાં એના મનમાં સંદેહ છે. એ જ એની પવિત્રતા સૂચવે છે એટલે એને પ્રાયશ્ચિત્તની કોઇ જરૂર નથી છતા એના સંતોષને ખાતર એને કાંઇક પ્રાયશ્ચિત્ત આપવાની ગણતરીથી એમણે કહ્યું : જો ભાઇ ! આ સામે સ્ત્રીનું લોહમય પૂતળું છે એને તપાવવું પડશે, ને એને તારે ભેટવું પડશે તો તારી શુદ્ધિ થશે.''

પેલો કબૂલ થયા, તરતજ પૂતળાંને અગ્નિથી તપાવવામાં આવ્યું. લાલચોળ બની ગયેલા એ પૂતળાને ભેટવા માટે, પંડિતજીની રજા લઈને જેવો પેલો બટુક આગળ વધ્યો અને પૂતળાંની નજીક પહોંચ્યો ત્યાંજ પંડિતજીના ઇશારાથી, પડખે ઉભેલા માણસોએ એને ઝાલી લીધો એજ વખતે પંડિતજી બોલી ઉઠયાં. "બટુક ! તું શુદ્ધ છે તારૂં પ્રાયશ્ચિત્ત થઇ ગયું. હવે તું જઇ શકે છે.'' અને તરતજ, કોઇપણ દલીલ કર્યા વગર, શ્રદ્ધાના ભાવ સાથે એ બટુક ત્યાંથી ચાલ્યો ગયો.

પંડિતજીની આ વિવેકિતા સોમવસુનાં મન પર ભારે અસર જન્માવી ગઇ. એ પણ તરતજ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઊભો થઇ ગયો અને પંડિતજી આગળ પોતે કરેલાં વ્રતભંગનો એકરાર કરીને તેનું પ્રાયશ્ચિત્ત માંગ્યું.

એની વાત સાંભળીને પંડિતજીને થયું કે આ પણ શુદ્ધજ છે પણ એ વાતની એને પ્રતીતિ કરાવવા માટે એણે માટીનાં બે ગોળા મંગાવ્યા; એક ભીનો એક સૂકો, ક્રમશઃ બન્ને ગોળા એમણે ભીંત ઉપર નાંખ્યાં, તો ભીનો ગોળો ત્યાં ચોંટી ગયો, પણ સૂકો ગોળો ત્યાં ન ચોંટયો. પંડિતજીએ કહ્યું : "ભાઇ સોમવસુ ! તું આ સૂકા ગોળાં જેવો છે. એટલે તું શુદ્ધ જ છે; તને કોઇ દોષ લાગ્યો નથી."

સોમવસુનું મોં પરિતોષથી ભરાઇ ગયું. પોતાનો ફેરો એને સફળ થયો લાગ્યો. આ હર્ષાતિરેકમાં એ પેલી ત્રણ શિખામણ વાળી વાતને વીસરી ગયો. ને એને પેલી સંન્યાસ ભાવના યાદ આવી ગઈ ઉભરાતાં આદર સાથે એણે પંડિતજી આગળ પોતાની ભાવના રજૂ કરતાં કહ્યું : "પૂજ્ય ! મારે સંન્યાસ લેવો છે, કેવા ગુરુની પાસે લેવો ? આપ કંઇક માર્ગ દર્શન આપો."

એની આ ભાવનાથી તુષ્ટ બનેલા પંડિતજીએ સ્નેહપૂર્વક કહ્યું : "મિત્ર જે વ્યક્તિ, 'સુખે સૂવું જોઇએ, મીઠું ખાવું જોઈએ, અને આત્માને લોકપ્રિય બનાવવો જોઇએ' આ ત્રણ વાતનો પરમાર્થ જાણતી હોય, સાથે સાથે એનું પાલન પણ કરતી હોય અને જે સર્વથા નિઃસ્પૃહ હોય. તેને તું ગુરુ બનાવજે."

આ સાંભળતાંજ સોમવસુનાં મનમાં ચમકારો થયો. ત્રણ શિખામણોની વાત તો યાદ આવીજ, પણ એને લાગ્યું કે કહો કે ન કહો પેલા બે સાધુઓનાં ગુરુ આ પંડિતજી જ છે, પણ બન્ને સરળ હોવા છતાં લાળી સમજણ ન હોવાથી આમને પાછાં શોધી શકયાં નથી ! ખેર. એ તો જે હોય તે પણ મને આ ત્રણ વાતોનું રહસ્ય જાણવાની જિજ્ઞાસા હતી, તે હવે અનાયાસે સંતોષાશે.

એણે તો તરત પંડિતજીને પૂછયું, "આ વાર્તાનો પરમાર્થ શો ?" એ મને સમજાવો કેમ કે જાણ્યા વિના કોણ એનું પાલન કરે છે. એની શી રીતે ખબર પડે ?

સોમવસુની જિજ્ઞાસા સંતોષવા પંડિતજીએ ત્રણે શિખામણોનો પરમાર્થ સ્ફુટ કરતાં કહ્યું : "જો ભાઇ, જે ગુરું કોઇ પ્રત્યે રાગ કે દ્વેષ નથી રાખતો; હિંસાત્મક આરંભ કાર્યો અને પરિગ્રહ જેને વર્જ્ય છે: અને નિરંતર શુભ ધ્યાન અને શુભ પ્રવૃત્તિમાં જ જે દશ ચિત્ત રહે છે તેજ સાચા અર્થમાં સુખે સૂએ છે. કેમકે એનાં જાગરણની જેમ એનું શયન પણ સ્વ અને પરનું શુભ કરનારૂં હોય છે.

અને જે ભ્રમરવૃત્તિએ ભિક્ષાન્ન ગ્રહણ કરે છે. તે પણ પોતાને માટે કરેલું કે કરાવેલું ન હોય અને કોઈનેય કલેશ ન ઉપજે તે રીતે મળ્યું હોય, અને તેવા ભિક્ષાન્નને પણ રસની લાલસા વગર જે ખાય છે, તે જ વસ્તુતઃ મીઠું જમે છે. કારણ કે એનું ભોજન કોઇનોય કલેશ કે અપ્રેમનું નિમિત્ત ન હોઈ, પરિણામે એ ઉત્તમ છે.

વળી, જે મંત્રો અને ઔષધ વગેરેના પ્રયોગ કર્યા વગરજ, પરલોક અને ઇહલોકમાં હિતકર એવાં નિર્દોષ ધર્માનુષ્ઠાનો કરી–કરાવીને સર્વ લોકોનો આદર મેળવે, તે જ સાચો લોકપ્રિય છે.

અને ખરો નિઃસ્પૃહ એ છે કે જે ગાઢ અનુરાગી ભક્તગણ દ્વારા આગ્રહપૂર્વક અપાતા ધન, ધાન્ય અને સોના રૂપાંનો પણ અસ્વીકાર કરે; એ તરફ દૃષ્ટિ સરખીએ ન કરે.

"સોમવસુ !" પંડિતજીએ વાત પૂરી કરતાં કહ્યું : જે ગુરુ આવા હોય તેમની પાસે તું સંન્યાસ લેજે."

જિજ્ઞાસા તૃપ્તિનો આનંદ ઘણીવાર ઉદર તૃપ્તિ કરતાંય અનેરો હોય છે, એ આનંદમાં ડૂબેલો સોમવસુ, પંડિતજીની અનુજ્ઞા લઇને,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યાંથી આવા ગુરુની ખોજમાં ચાલી નીકળ્યો. એનો માર્ગ ચોક્કસ કે મર્યાદિત ન હતો. એને તો જ્યારે ઈચ્છિત ગુરુ મળે ત્યારેજ એનો માર્ગ ખતમ થવાનો હતો. એટલે એ તો ચાલતો જ રહ્યો અને માર્ગમાં જે કોઇ સાધુ સંતો મળે, તે સૌને પેલી ત્રણ શિખામણોનો અર્થ પૂછતો રહ્યો એને તૃપ્તિ થાય એવો જવાબ એને ક્યાંય નહોતો મળતો, ક્યાંય મળતો, તો તદનુરૂપ આચરણ ન દેખાતું. જો કે આથી એ કંટાળ્યો નહોતો એને તો પાકી આશા હતી કે ક્યાંક તો મને યથાર્થ સ્વરૂપમાં આનો ઉત્તર મળશે જ.

અને એક દહાડો એની એ આશા ફળી. ફરતો ફરતો એ કોઈક નગર બહાર ઉપવનમાં જઇ ચડયો હશે. ત્યાં તેના જોવામાં સુઘોષ નામનાં જૈનાચાર્ય આવ્યા. રોજ મળતા સંતો કરતાં આમનું સ્વરૂપ જ જુદુ જોઇને એ આચાર્ય પાસે ગયો. અને ત્રણ શિખામણોનું રહસ્ય બતાવવા વિનંતિ કરી. આચાર્યે પણ તત્કાળ એનો એવો જ ઉત્તર આપ્યો, જેવો પંડિતજીએ સોમવસુને સમજાવ્યો હતો.

પણ આને માત્ર યથાર્થ અર્થ જાણનારા જ નહિ પણ એનું પાલન પણ કરનારા ગુરુ ખપતા હતા. એટલે એણે તો આખો દિવસ રહીને આચાર્ય મહારાજ અને એમના મુનિઓની દિનચર્યાનું સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું. એને પ્રતીતિ થઈ કે ના ના, પંડિતજીએ કહેલો તેવો અર્થ આ લોકો જાણે તો છે જ. પણ આચરે પણ છે.

પણ હજી નિઃસ્પૃહતાની ચકાસણી બાકી હતી. એટલે આચાર્ય મહારાજની રજા લઈને એતો રાત પણ ત્યાંજ રહી પડયો. આચાર્ય મહારાજને શો વાંધો હતો? એમનાં તો અભંગ દ્વાર હતા જેને જ્યારે આવવું હોય ત્યારે આવે રે! સોનુ જો સો ટચનું હોય, તો કસોટીની એને શી બીક હોય?

રાત જામતી હતી. સાયંપ્રતિક્રમણ કરીને સાધુઓ સ્વાધ્યાયમાં તત્પર બન્યા હતા. ખુદ આચાર્ય મહારાજ પણ તે વખતે 'વૈશ્રમણો-વપાત–અધ્યયન' નામના સિદ્ધાંતનો સ્વાધ્યાન પાઠ કરવામાં લીન બની ગયા. હવે આ સિદ્ધાંત-નો એવો મહિમા છે કે એનો અધિકૃત પાઠ થતો હોય, તો સાક્ષાત્ વૈશ્રમણ–કૂબેરયક્ષ ત્યાં હાજર થાય અને પાઠ કરનારનું મનવાંછિત સાધી આપે,

આચાર્ય મહારાજના અણીશુદ્ધ પાઠથી આકર્ષાઇને અહીં પણ કૂબેરયક્ષ આવી પહોંચ્યો. પ્રસન્નચિત્તે એણે પાઠનું શ્રવણ કર્યું. પાઠ સમાપ્ત થતાંજ "અહો, ભગવંત! આપે સુંદર સ્વાધ્યાય કર્યો. આજે મારા કાન ધન્ય બન્યા" એવું બોલતો બોલતો એ યક્ષદેવ આચાર્ય મહારાજના ચરણે નમી પડયો ચરણ સ્પર્શ કરીને એણે ભાવવિભોર સ્વરે વિનંતિ કરી. "ભગવન્ આજે હું ખૂબ તુષ્ટ થયો છું, આપ આજ્ઞા કરો તો સોનુરૂપું અથવા આપ ચાહો તે વસ્તુ આપના ચરણોમાં ભેટ ધરું,"

આચાર્ય મહારાજે સૌમ્યભાવે ઉત્તર વાળ્યો: "ભદ્ર! તમને ધર્મલાભ હો! અમે તો અકિંચન વ્રતધારી મુનિઓ છીએ: તેમ કહી એવી વસ્તુઓ અમારે ન ખપે"

આ સાંભળીને કૂબેરદેવ ઝુમી ઉઠયો. એનાં મુખમાંથી "ખરેજ, આપનું જીવતર ધન્ય છે, સફળ છે" એવા શબ્દો સરી પડયાં. અને વંદન કરીને તેજ વેરતો એ દેવ અંતર્ધાન થઈ ગયો.

મુનિઓની નિરીહતાની પરીક્ષા કરવા માટે ઉંઘવાનો ડોળ કરીને સૂતેલા સોમવસુનું ચિત્ત, આચાર્ય અને યક્ષનો સંવાદ સાંભળીને પુલકિત અને ચાકત બની ગયું રે! નિરીહતાનું આથી વધુ શ્રેષ્ઠ કયું પ્રમાણપત્ર હોઇ શકે? એને લાગ્યુ કે ગુરુ તો આનું નામ! જે પોતે તો તરે, પણ શિષ્યોનેય તારે!

અને બીજા દિવસની વહેલી પરોઢે ઉઠીને, ધ્યાનલીન આચાર્ય મહારાજનાં ચરણોમાં, એને આત્મસમર્પણ કરી દીધું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરનો ધર્મ ક્રાંતિનો ધર્મ છે

—કુમારપાળ દેસાઈ [ઇન્ટરવ્યુ]

લેખક :- શ્રી ચીમનલાલ કલાધર ( મુંબઈ)

શ્રી કુમારપાળ દેસાઇ આપણા ગુજરાતી સાહિત્યના એક લબ્ધપ્રતિષ્ઠિત સર્જક છે. ૧૯૪૨ ની ૩૦ મી ઓગસ્ટે જન્મેલા શ્રી દેસાઇએ 'આનંદઘન એક અધ્યયન' વિષય ઉપર ગુજરાત યુનિવર્સિટીની Ph. D. ની ડિગ્રી મેળવી છે. હાલ ગુજરાત યુનિવર્સિટીમાં રીડરનું કામ કરતા શ્રી દેસાઇએ સિત્તેર જેટલા પુસ્તકોનું સર્જન કર્યું છે. ધર્મ-તત્ત્વજ્ઞાન, સાહિત્ય, કથા, વાર્તા, રમતગમત વગેરે અનેક ક્ષેત્રમાં તેમની તેજસ્વી કલમ ફરી વળી છે. તેમના કેટલાય પુસ્તકોને ચંદ્રકો અને પારિતોષિકો મળ્યા છે. દેશ-વિદેશમાં ધર્મ-સાહિત્ય અંગે તેમના વ્યાખ્યાનોનું અવાર-નવાર આયોજન થાય છે. ગુજરાતના સમર્થ લેખક શ્રી જયભિખ્ખુનો સાહિત્યિક વારસો જાળવી રાખનાર શ્રી કુમારપાળ દેસાઇની અમે તાજેતરમાં મુલાકાત લીધી હતી અને તે અહીં આલેખીએ છીએ :

પ્રશ્ન :- તમારી ગણના આજે એક સમર્થ સાહિત્યસર્જક તરીકે થાય છે. સાહિત્ય તરફની આવી રુચિ તમને ક્યારે થઇ ?

ઉત્તર :- સાહિત્ય તરફ હું બાળપણથી જ રસ અને રુચિ ધરાવતો હતો. અભ્યાસકાળ દરમિયાન લેખન-વક્તૃત્વ સ્પર્ધાઓમાં પારિતોષિકો મળ્યા. તેથી ઉત્સાહ વધ્યો માતા-પિતાનું પણ માર્ગદર્શન અને પ્રેરણા મળતા રહ્યા. ૧૯૬૫ માં પ્રથમ પુસ્તક 'લાલ ગુલાબ' લખ્યું. લાલબહાદુર શાસ્ત્રીના જીવનવૃત્તાંતના આ પુસ્તકની આઠ હજાર પ્રત વેચાઈ, પછી ટૂંકી વાર્તાઓ, ચરિત્રો, બાલસાહિત્ય, પ્રૌઢસાહિત્ય, સાહિત્યક વિવેચન, સંશોધન લેખોનું સર્જન કર્યું. અત્યાર સુધીમાં મારા સિત્તેરથી વધારે પુસ્તકો પ્રગટ થયા છે.

પ્રશ્ન :- તમે વિદ્યાર્થીઓમાં લોકપ્રિય અધ્યાપક છો સાહિત્યકાર અને પત્રકાર છો, એવા જ કુશળ સમીક્ષક છો અને એટલા જ સારા વકતા છો. તમારામાં આવો સુમેળ કઇ રીતે થયો !

ઉત્તર :- મને એમ લાગતું હતું કે કોઇ એક ક્ષેત્રની જાણકારી વ્યક્તિની દૃષ્ટિમર્યાદાને સંકુચિત બનાવે છે. જુદા જુદા વિષયો જાણવાથી એક વ્યાપ મળે છે. કોઇ કવિતા વાંચતા આનંદ માણી શકીએ છીએ. એ જ રીતે સચિન તેન્ડુલકરની બેટિંગ કે બ્રુસ રીડનો બોલ પણ આનંદની ક્ષણો આપે છે. આ બધી વસ્તુઓ પરસ્પર વિરોધી બનવાને બદલે પૂરક બની જાય છે. અને એક વ્યાપક દૃષ્ટિકોણ આમાંથી આપણને સાંપડે છે.

પ્રશ્ન :- ગુજરાતી સાહિત્યને વધુ વ્યાપક બનાવવા શું કરવું જોઇએ ?

ઉત્તર :- આજના આપણા સર્જક પાસે અનુભવનું ક્ષેત્ર બહોળું નથી. વિદેશી સાહિત્યમાં આપણે જોઈએ તો લાગે કે સર્જક અનુભવના કેટલાય નવાં નવાં ક્ષેત્રને શબ્દથી ઉઘાડ આપે છે. આપણા સાહિત્યમાં જે નવી નવી પ્રતિભાઓ પાંગરવી જોઇએ તે પાંગરતી નથી. સાહિત્ય એ માત્ર સીમિત વર્ગ પૂરતું જ મર્યાદિત થઈ રહ્યું છે. અને આજના સમયમાં, સમૂહ-માધ્યમોના યુગમાં આપણું સાહિત્ય ટકશે ખરું પરંતુ ટેલિવિઝન અને વિડિયો જેવા માધ્યમોની વચ્ચે તેને પોતાનું ગજું કાઢવું પડશે.

પ્રશ્ન :- એક પત્રકારે પોતાના સામાયિકને વધુ વ્યાપક અને લોકપ્રિય બનાવવા શું કરવું જોઇએ ?

ઉત્તર :- પત્રકારે સર્વપ્રથમ તો તેનું સામાયિક તાજુ રાખવું જોઇએ. તેના પ્રત્યેક અંકમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવીનતા અને તાજગી હોવી જોઇએ; સામાયિકે પોતાની ઓળખની આગવી શૈલી રાખવી જરૂરી છે. મૌલિક વિચારો અને ચિંતન પર વધુ ભાર આપવો જોઇએ. આજના સમયમાં મુદ્રણ કાર્ય અંગે જે વિક્રમી ક્રાંતિ થઈ છે તેનો પત્રકારે પૂરેપૂરો લાભ ઉઠાવવો જોઇએ. પોતાના સામાયિકને અત્યંત આકર્ષક અને સર્વાંગ સુંદર બનાવવા પ્રબળ પુરુષાર્થ કરવો જોઇએ સામાયિકનું મનમોહક ટાઇટલચિત્ર, આકર્ષક લે-આઉટ, સુંદર મુદ્રણકામ, અને વિશેષ તો ભાષાશુદ્ધિની ખાશ કાળજી લેવાવી જોઇએ. પત્રકારે સાંપ્રત ઘટનાઓ અને તેના આઘાત-પ્રત્યાઘાત સાથે પોતાના સામાયિકના તંતુને સતત જોડતાં રહેવું જોઇએ સમાજને સ્પર્શતા કેટલાય પ્રશ્નોનો સર્વે કરીને તેમ જ કેટલા પ્રશ્નો અંગે સંશોધનાત્મક અહેવાલો (Investigative Reporting) તૈયાર કરીને પોતાના સામાયિકમાં નિર્ભીક રીતે છાપવો જોઇએ.

પ્રશ્ન :- આજના જૈન સામાયિકો વિશે આપનો શો અભિપ્રાય છે ?

ઉત્તર :- આજે જૈન સમાજ પાસે જે પત્રો છે, તે મોટાભાગના સંસ્થા કે જ્ઞાતિના પત્રો બની ગયા છે એટલે કે એક સીમાબદ્ધ પત્રો બની ગયા છે. આ પત્રો થોડી સામગ્રી આપવાનો જરૂર પ્રયાસ કરે છે પરંતુ મોટી ખોટ આજે વ્યાપક જૈન સમાજને સ્પર્શે એવા પત્રકારત્વથી અને એવા સામાયિકોની છે. "જૈનયુગ" અને 'કોન્ફરન્સ હેરોલ્ડ' જેવા જૈન સામાયિકોએ એક સમયે સમગ્ર જૈન સમાજનું ધ્યાન ખેંચ્યું હતું. સમાજને ઘડનારા અને સમાજને દોરનાર આવા શિષ્ટ, સંસ્કારી અને સાહિત્યિક સામયિકોની આજે પણ એટલી જ આવશ્યકતા છે.

પ્રશ્ન :- જૈન સાહિત્ય ક્ષેત્રે હજી શું શું કરવા જેવું છે ?

ઉત્તર :- જૈન સાહિત્ય ક્ષેત્રે હજી ઘણું ઘણું કરવા જેવું છે આપણા જ્ઞાનભંડારોની લાખો હસ્તપ્રતોમાં જે મૂલ્યવાન અપ્રગટ સાહિત્ય છે તેને બહાર લાવવાની, તે પર વિશેષ સંશોધન કરવાની જરૂર છે. આજે સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનો અભ્યાસ ઓછો થતો જાય છે. મધ્યકાલીન સાહિત્ય તરફની રુચિ પણ ઓછી થતી જાય છે, Ph. D. કરનારા આજના વિદ્યાર્થીઓ મધ્યકાલીન સાહિત્યનો વિષય પસંદ કરતા નથી તેનું કારણ એ છે કે હસ્તપ્રતની લિપિ ઉકેલવી તેમને અઘરી લાગે છે. વળી અભ્યાસ માટે આવી હસ્તપ્રતો મેળવવી એ પણ કપરું કામ છે. પરિણામે આપણી પાસે ડૉ. હરિવલ્લભ ભાયાણી, ડૉ ભોગીલાલ સાંડેસરા, ડૉ. રમણલાલ ચી. શાહ જેવા પ્રકાંડ વિદ્વાનો હોવા છતાં આ ક્ષેત્રમાં જૂજ ખેડાણ થયું છે. થોડા વર્ષ પહેલાં પ્રાકૃત વિદ્યા મંડળ દ્વારા હસ્તપ્રતશાસ્ત્રનો કોર્સ તૈયાર કરવામાં આવ્યો હતો. તેની તાલીમ થોડા વિદ્યાર્થીઓએ લીધી હતી. પરંતુ આ કામ મોટા પ્રમાણમાં થતું નથી, દુઃખની વાત એ છે કે કેટલીક યુનિવર્સિટીના ગુજરાતી અનુસ્નાતક અભ્યાસક્રમમાં પણ મધ્યકાલીન કૃતિનો સમાવેશ નથી. આપણે સાહિત્યિક અને સાંસ્કૃતિક વારસાથી અને સામાજિક દસ્તાવેજથી વિમુખ થઇ રહ્યા છીએ.

પ્રશ્ન :- જૈન સમાજ પાસે તમારી શું અપેક્ષા છે ?

ઉત્તર :- જૈન સમાજ પાસે સૌથી પહેલી અપેક્ષા તો વ્યાપકતાની છે. આપણામાં ગતાનુગતિકતા બહુ આવી ગઇ છે, ક્યાંક ભીરુતા પણ દેખાય છે. ભગવાન મહાવીરનો ધર્મ ક્રાંતિનો ધર્મ છે, તને બદલે ઘણીવાર લાગે છે કે આ તો સમાધાન અને માંડવાળનો ધર્મ છે, બીજી અપેક્ષા વિશ્વના વર્તમાન પ્રવાહો સાથે આપણે કદમ મિલાવવાનો છે, આપણી પાસે ધર્મનું વ્યાપક દર્શન હોય અને એકદંડિયા મહેલમાં રહેવું કેમ પાલવે ? ત્રીજી અપેક્ષા સમાજમાંથી પૈસાનું અને પ્રશંસાનું પ્રભુત્વ ઓછું કરવાની જરૂર છે. આપણું સૌએ નાના મોટા મતભેદોમાંથી સામ્પ્રદાયિક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંકુચિતતામાંથી બહાર આવવાની જરૂર છે. આપણે સાધ્યને જોવાને બદલે સાધનને જ સાધ્ય માની બેઠા છીએ, તે ભ્રમણા દૂર થવી જોઇએ. સમાજમાંથી જ્યાં સુધી ગતાનુગતિકતા, જડતા, દંભ અને અંધશ્રદ્ધા દૂર નહીં થાય ત્યાં સુધી સમાજનો અભ્યુદય શક્ય નથી.

પ્રશ્ન :- દેશમાં અને વિદેશમાં જૈન ધર્મના પ્રચારાર્થે શું કરવું જોઇએ ?

ઉત્તર :- આજે જૈન સાહિત્ય અને જૈન દર્શનનો અભ્યાસ પ્રમાણમાં ઓછો થતો જાય છે. ધર્મ પ્રવૃત્તિઓ ઘણી થાય છે, તેના પ્રમાણમાં જ્ઞાન પ્રવૃત્તિઓ થતી નથી. જો કે આજે દેશમાં જૈન ધર્મ અંગે ઘણી જાગૃતિ આવી છે. લોકો સંપ્રદાયથી પર બનીને વ્યાપક દૃષ્ટિએ વિચારતા થયા છે. હવે એમને ધર્મતત્ત્વ અને ભાવનાઓ તરફ વાળવાની જરૂર છે. જૈન સાહિત્ય સંશોધન અને તત્ત્વ વિચારણા અંગે નક્કર પ્રયાસો થવા જોઇએ. વિદેશમાં સૌથી મોટો પ્રશ્ન બાળકો અને યુવાનોનો છે. અહીં યુવાનોને કઇ રીતે ધર્મ તરફ વાળવા તે મૂંઝવતો પ્રશ્ન છે. જૈન સેન્ટરમાં દેરાસર-ઉપાશ્રય કર્યા પરંતુ ભાવિ પેઢી અહીં આવવાનો રસ જ દાખવે નહીં તો શું થશે ? આ પ્રશ્ન આપણા લોકોને અમેરિકામાં સવિશેષ મૂંઝવી રહ્યો છે. કારણ કે અહીં જૈનો જુદા જુદા વિસ્તારોમાં વિખરાયેલા છે. તેમને એકત્ર કરવા, ધર્મતત્ત્વ તરફ વાળવા એ કપરું કામ છે. તેમ છતાં અહીં થોડું નક્કર કામ થઇ રહ્યું છે. "જૈન સ્ટડી સરક્યુલર નામનું મેગેઝીન અહીં યુવાનો માટે પ્રગટ થાય છ. જુલાઇ મહિનામાં ચારે ફિરકાના જૈન કોન્ફરન્સ સાન્ફ્રાન્સિસ્કોમાં મળી ગઇ, તેમાં અમેરિકાના યુવાનોમાં જૈનધર્મ ટકી રહે તે માટેની વ્યાપક ચર્ચા થઇ. વિદેશમાં જૈનધર્મ અંગે અંગ્રેજીમાં લખાયેલા પુસ્તકોની ખાસ જરૂર છે. જૈન ધર્મ અન તત્વજ્ઞાનને સમજાવનારા વિદ્વાનોના પ્રવાસ અહીં વખતોવખત ગોઠવાય તેની આવશ્યકતા છે. ગુજરાતી ભાષાના તાલીમ વર્ગની પણ અહીં એટલી જ આવશ્યકતા છે.

પ્રશ્ન :- જૈન સમાજની એકતા માટે શું કરવું જોઈએ ?

ઉત્તર :- જૈન સમાજની એકતા માટે વિચારશીલ લોકો દૃઢ પ્રયત્ન કરે તો એકતા સાધી શકાય તેમ છે. ધર્મની વ્યાપક બાબતોમાં સર્વસંમતિ મેળવી શકાય. ભલે થોડી નાની નાની બાબતો અને ક્રિયાકાંડો અંગેના ભેદ હોય, પરંતુ અનેકાંત દૃષ્ટિને યોગ્ય રીતે અપનાવવામાં આવે તો મહત્ત્વની બાબતોમાં એકતા સાધવામાં કોઈ મુશ્કેલી રહે નહીં. એ માટે આપણી સાંપ્રદાયિક સંકુચિતતા, દુરાગ્રહ અને અહમ્‌ના ખોટા આવરણમાંથી આપણે બહાર આવવું પડશે.

પ્રશ્ન :- યુનિવર્સિટીમાં "જૈન ચેર" અંગે આપનો શો અભિપ્રાય છે ?

ઉત્તર :- યુનિવર્સિટીમાં 'જૈન ચેર' હોવી જોઇએ. એના દ્વારા જૈન ધર્મ, સાહિત્ય અને તત્ત્વજ્ઞાનનો વ્યાપક અભ્યાસ થઈ શકે. આજે આપણી પાસે આંગળીના વેઢે ગણાય એટલી જૈન સંશોધન સંસ્થાઓ છે. અને તેમાંની બહુ ઓછી કાર્યરત છે. જૈન ચેર દ્વારા વિદ્વાનો-સંશોધનકારોને તૈયાર કરી જૈન સાહિત્યનું સંશોધન કાર્ય બહુ ગતિશીલ બનાવી શકાય.

પ્રશ્ન :- જૈન સમાચાર માટે આગવી સમાચાર સંસ્થાની જરૂરિયાત છે તે બાબત તમારો શો અભિપ્રાય છે ?

ઉત્તર :- જૈન સમાજમાં અનેક સ્થળોએ જુદી જુદી પ્રવૃત્તિઓ થાય છે. ઉદાહરણ તરીકે અમેરિકામાં શાકાહાર વિશે એક સુંદર પુસ્તક પ્રગટ થયું. ઇંગ્લેન્ડના હાઇડ પાર્કમાં વેજીટેરીયન રેલી થઇ કે પછી લોસ એન્જલીસના જૈન સેન્ટર ઓફ સધર્ન કેલિફોર્નિયામા પાઠશાળાની પ્રવૃત્તિ સારી રીતે ચાલે છે. અને એ જ રીતે ભારતમાં પણ ઠેર ઠેર અનેક પ્રવૃત્તિઓની જાણકારી માટે એક ન્યુઝ બુલેટીનની આવશ્યકતા છે. તેમાં વ્ય-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્તિગત પ્રસિદ્ધિને બદલે કાર્યોનું મૂલ્યાંકન થવું જોઇએ. 'જૈન સમાચાર ભારતી' કે અન્ય એવા કોઇ નામથી આ પ્રવૃત્તિ શરૂ કરી શકાય અને સમાજ તરફથી તેને પૂરો સહયોગ મળી રહેશે.

પ્રશ્ન :- તમારા પિતા 'જયભિખ્ખુ' સમર્થ સાહિત્યકાર હતા, પરંતુ તમારા જીવનમાં કોની વધુ અસર છે ? પિતાની કે માતાની ?

ઉત્તર :- જીવનમાં મને પિતાશ્રીનો સાહિત્યિક વારસો અવશ્ય મળ્યો, પણ જીવન વ્યવહારના પાઠો તો મને મારા માતુશ્રી પાસેથી જ મળ્યા છે.

પ્રશ્ન :- તમારા પિતાશ્રીના 'જયભિખ્ખુ' ઉપનામ પાછળ શું રહસ્ય છે ?

ઉત્તર : 'જયભિખ્ખુ' એક વિશિષ્ટ ઉપનામ છે. જેમાં પતિપત્ની બંનેના નામ છે. મારા માતુશ્રી જયાબહેનમાંથી 'જય' અને મારા પિતાના હુલામણા નામ ભીખાલાલમાંથી 'ભિખુ' લઇને આ ઉપનામ 'જયભિખ્ખુ' બન્યું છે.

પ્રશ્ન : સાહિત્ય સર્જન માટે આટલો બધો સમય તમે કઇ રીતે ફાળવી શકો છો ?

ઉત્તર :- ધર્મતત્ત્વના અભ્યાસથી એક પ્રકારના ચિત્તનું સંતુલન ( Balance of mind ) અને એકાગ્રતા મળી છે. આ ઉપરાંત સાહિત્ય તરફની રસ, રુચિ અને પુરુષાર્થથી આ ક્ષેત્રમાં કામ કરતા થાક કે કંટાળો આવતો નથી.

પ્રશ્ન:-તમે વિપુલ સાહિત્ય સર્જન કર્યું છે. તમારે મન તમારી કઇ કૃતિ નોંધપાત્ર જણાય છે?

ઉત્તર :- તેમાં વિષયવાર વિભાગ પાડવા પડે. સંશોધન ગ્રંથમાં 'આનંદઘન - એક અધ્યયન', ટૂંકી વાર્તામાં 'એકાંતે કોલાહલ', બાલસાહિત્યમાં 'બાલસાહસ શ્રેણી', પ્રૌઢ સાહિત્યમાં 'મોતીની માળા', પત્રકારત્વમાં 'અખબારી લેખન', ચરિત્રમાં 'અપંગના ઓજસ' ને જૈન સાહિત્યમાં 'Non violence' a way of life' ને ગણાવી શકાય.

પ્રશ્ન :- તમે 'ગુજરાત સમાચાર' માં ક્યારથી લખો છો ?

ઉત્તર :- મારા અભ્યાસકાળથી જ 'ગુજરાત સમાચાર'માં લખવાનું મેં શરૂ કર્યું હતું. 'ગુજરાત સમાચાર'ના બાલ સાપ્તાહિક 'ઝગમગ'માં પણ હું લખતો હતો. 'ગુજરાત સમાચાર' માં ૧૯૬૨થી 'રમતનું મેદાન' એ કોલમનો મેં પ્રારંભ કર્યો. ૧૯૬૯માં જયભિખ્ખુનું અવસાન થતાં તેમની કોલમ 'ઇંટ અને ઇમારત' મેં ચાલુ રાખી આ ઉપરાંત 'ઝાકળ બન્યું મોતી' અને અન્ય પ્રાસંગિક લખાણો 'ગુજરાત સમાચાર'માં લખું છું. 'ગુજરાત સમાચાર'માં લખવા માટે મને હૂંફ, હિંમત અને પ્રેરણા આપનાર છે આદરણીય મુ. શ્રી શાંતિલાલભાઇ શાહ. તેઓશ્રીએ મારા પિતાશ્રીનું અવસાન થતાં છેક ૧૯૫૩ થી ચાલતી અત્યંત લોકપ્રિય કોલમ 'ઇંટ અને ઇમારત'નું કાર્ય મને પ્રેમથી સોંપ્યું અને એ પછી ભાઇશ્રી શ્રેયાંસભાઇ શાહ અને ભાઇશ્રી બાહુબલિ શાહનો પણ મને સતત સાથ અને સહયોગ મળતો રહ્યો છે અને આજે 'ગુજરાત સમાચાર' પરિવારના એક સભ્ય તરીકે હું મારી જાતને ખરેખર ધન્ય માની રહ્યો છું.

પ્રશ્ન :- સાહિત્ય, પત્રકારત્વ ઉપરાંત તમારી અન્ય કોઇ પ્રવૃત્તિઓ ખરી ?

ઉત્તર :- જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ દ્વારા પુસ્તક પ્રકાશન, નિબંધ સ્પર્ધા, જયભિખ્ખુ એવોર્ડ તેમ જ અમદાવાદ, મુંબઇ અને ભાવનગરમાં જયભિખ્ખુ સ્મૃતિ વ્યાખ્યાનોની પ્રવૃત્તિ ચાલે છે. તેની સાથે લેખક-સહાયક નિધિનું કાર્ય પણ કરીએ છીએ. કોઇ પણ સર્જક વૃદ્ધ, અપંગ, અશક્ત હોય તો તેનું પૂરેપૂરું ગૌરવ જાળવી અમે તેને સહાયક બનીએ છીએ. એ જ રીતે અમદાવાદમાં મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર દ્વારા માનવ સર્જિત કે કુદરતી આપત્તિઓનો ભોગ બનેલાઓને સહાય કરીએ છીએ. અમદાવાદમાં તાજેતરમાં ૬૦૦ થી વધુ ઝુંપડાઓમાં રહેતા કુટુંબોને આવાસ આપવાની યોજનામાં સક્રિય ભાગ લીધો હતો. એક અન્ય સંસ્થા દ્વારા વ્યવસાય માટેની મદદનું પણ આયોજન કર્યું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર

પ. પૂ. જ્ઞાન તપસ્વી શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબ આદિ મુનિ ભગવંતોની હાલમાં પંચાસર ગામે સ્થીરતા છે. પ પૂ. જબૂવિજયજી મહારાજ સાહેબના શિષ્ય મુનિ મહારાજ શ્રી ધર્મચંદ્રવિજયજી મહારાજ ઉપર, તા. ૨૯-૫-૯૨ ના રોજ અમુક વ્યક્તિઓએ લાકડી વડે હુમલો કર્યો હતો. તેથી મહારાજ શ્રી ધર્મચંદ્રવિજયજી મહારાજને પંચાસર ગામેથી સારવાર માટે પાટણની હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પછી તેઓશ્રીની તબીયત સુધારા ઉપર આવતા પંચાસર આવી ગયા હતા. આ સભા આ બનાવને ખૂબ જ વખોડી કાઢે છે અને સરકારશ્રીને ઘટતા પગલા લેવા અનુરોધ કરે છે. પ. પૂ. જંબૂવિજયજી મહારાજ સાહેબ આદિ મુનિ ભગવંતો સુખ શાતામાં રહે તેવી શાસનદેવ પ્રત્યે પ્રાર્થના છે.

## -: યાત્રા પ્રવાસ :-

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સં. ૨૦૪૮ ના જેઠ સુદ ૭ રવિવાર તા. ૭-૬-૯૨ ના રોજ શ્રી તળાજા તીર્થની યાત્રા પ્રવાસ રાખવામાં આવી હતી. જેમાં આ સભાના સભ્યોને પધારવા આમંત્રણ આપવામાં આવેલ હતા. યાત્રા પ્રવાસ માટે એક સ્પેશીયલ લકઝરી બસ બાંધવામાં આવી હતી. રાગ રાગણીથી પૂજા ભણાવવામાં આવી હતી. ખૂબ જ સારી સંખ્યામાં સભ્યો આવેલ હતા. શેઠશ્રી મુળચંદ નથુભાઈ મુંબઈની વ્યાજુ રકમમાંથી પૂજા ભણાવવામાં આવી હતી. નીચેના ડોનરોની વ્યાજુ રકમમાંથી સવાર સાંજ સ્વામીભક્તિ તેમજ ગુરુભક્તિ કરવામાં આવી હતી.

૧. શેઠશ્રી હઠીચંદ ઝવેરભાઈ શાહ — ભાવનગર

૨. શેઠશ્રી નાનચંદ તારાચંદભાઇ — મુંબઈ

૩. શેઠશ્રી ધનવંતરાય રતિલાલ શાહ — ભાવનગર
(અંબીકા સ્ટીલવાળા)

૪. શેઠશ્રી ચુનીલાલ રતિલાલ સલોત તથા તેમના
ધર્મપત્ની જશુમતિબેન ચુનીલાલ — ભાવનગર

૫. શેઠશ્રી ભૂપતલાલ નાથાલાલ શાહ તથા તેમના
માતુશ્રી અંજવાળીબેન વચ્છરાજ — ભાવનગર
(મહાવીર કોર્પોરેશનવાળા)

૬. શેઠશ્રી જયંતીલાલ રતિલાલ સલોત — ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atamnand Prakash Regd. No. GBV 31

# શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઈટ, ભાવનગર-૩૬૪ ૦૦૧

તા. ૨૮-૫-૯૨

## વિ નં તી

પ્રતિ માનનીયશ્રી,

આપણી સભાના પ્રમુખશ્રી હીરાલાલ ભાણજીભાઇ શાહ નાતંદુરસ્ત તબિયતના હીસાબે પ્રમુખશ્રી તરીકે નિવૃત થાય છે. તેઓ છેલ્લા ત્રીશ વર્ષથી સભાના કામકાજમાં પ્રથમ કારોબારીના મેમ્બર તરીકે ત્યારબાદ મંત્રી તરીકે, ઉપપ્રમુખ તરીકે તથા છેલ્લા અગીયાર વર્ષથી પ્રમુખ તરીકે ઓતપ્રોત થઇ ગયા. છેલ્લા અગીયાર વર્ષથી સભા એજ તેમના જીવનનું ધ્યેય હતુ અને તે રીતેજ તેઓ કાર્ય કરતા અને હજુ પણ સેવા આપે છે. આથી તેઓશ્રીની નિવૃતી વખતે તેઓશ્રીનું સન્માન કરવું તે આપણી સર્વેની ફરજ છે, આથી તેઓનું સન્માન કરવા માટે એક સન્માન સમારંભ તા. ૨૮-૬-૯૨ રવીવારના રોજ નક્કી કરવામાં આવેલ છે. તો તે માટે આપશ્રીને યોગ્ય લાગે તે રકમ તાત્કાલીક મોકલશો તેવી આશા રાખીએ છીએ. આપના તરફથી ચેક, ડ્રાફ્ટ તથા MO. થી રકમ જેમ બને તેમ વેલાસર શ્રી જૈન આત્માનંદ સભાના નામે મોકલવા વિનંતી છે.

સન્માન સમારંભ તા. ૨૮-૬-૯૨ રવીવારના બપોરના ૪-૩૦ કલાકે રાખેલ છે. તો આપ સર્વો સમયસર પધારશો.

લી.

શ્રી જૈન આત્માનંદ સભા સન્માન સમિતિ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only